➢ ઈલેકટ્રોનિક સ્વરૂપમાં નગરપાલિકામાં ઉપલબ્ધ અથવા તેણે ધરાવેલ માહિતી ને લગતી વિગતો :–

❖ રાજય સરકારશ્રીના અભિગમ તથા આદેશાનુસાર જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા સને ૨૦૦૪–૨૦૦૫ થી ઈ–ગર્વનન્સ યોજના નો અમલ શરૂ કરેલ છે. આ યોજના તળે નગરપાલિકામાં નીચે મુજબના કોમન એપ્લીકેશન સોફટવેર નગરપાલિકાના નિયમો તથા જરૂરીયાતો અનુસાર કસ્ટમાઈઝ કરાવી કાર્યાન્વીત કરવામાં આવેલ છે.

| ક્રમ | સોફટવેર મોડયુલ્સ | શાખા / વિભાગ | થયેલ કામગીરીની વિગત |
|---|---|---|---|
| ૧ | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય કર | ટેક્ષ શાખા | મીલ્કત વેરો, શિક્ષણ ઉપકર તથા પાણી ફીની પાછલી બાકી સહિત ચાલુ વર્ષના માંગણાઓની ડેટા એન્ટ્રી ની કામગીરી પુર્ણ કરી કોમ્પ્યુટરાઈઝડ અને એકત્રીત વેરા બીલ તૈયાર કરી બજાવવામાં આવેલ છે. તથા કોમ્પ્યુટરાઈઝડ રીસીપ્ટ તૈયાર કરી આપવામાં આવે છે. |
| ૨ | જન્મ મરણ સર્ટીફીકેટ | જન્મ મરણ શાખા | જન્મ અને મરણ અંગેની અંદાજે ૫૦,૦૦૦ એન્ટ્રીઓ કરવામાં આવેલ છે. જન્મ તથા મરણ સર્ટીફીકેટ કોમ્પ્યુટરાઈઝડ આપવામાં આવે છે. ૫૦ વર્ષ ના રેકર્ડની ડેટા એન્ટ્રી કરવા કાર્યવાહી ચાલુ છે. |
| ૩ | શોપ લાઈસન્સ | શોપ શાખા | તમામ એન્ટ્રીઓની કામગીરી પુર્ણ થઈ ગયેલ છે. કોમ્પ્યુટરાઈઝડ શોપ લાયસન્સ આપવામાં આવે છે. |
| ૪ | કમ્પલેન એન્ડ ગ્રીવન્સ | વહીવટી શાખા (નાગરીક સુવિધા કેન્દ્ર) | નગરપાલિકાની સેવાઓ સબંધી ફરીયાદોની નોંધણી કરી કોમ્પ્યુટરાઈઝડ રીસીપ્ટ આપવામાં આવે છે. તથા ફરીયાદોનો સબંધીત શાખા મારફત ધોરણ સર નિકાલ કરવામાં આવે છે. |
| ૫ | એકાઉન્ટ | એકાઉન્ટ શાખા | નગરપાલિકાના હિસાબોની રોજબરોજની નોંધ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે. રાજય સરકાર શ્રી દ્વારા નવી હિસાબી પધ્ધતી (ડબલ એન્ટ્રી એકાઉન્ટ સીસ્ટમ) દરેક નગરપાલિકામાં અમલમાં મુકવા કાર્યવાહી હાથ ધરેલ છે. જે પુર્ણ થયે તે પ્રમાણેની હિસાબી પધ્ધતી કોમ્પ્યુટરાઈઝડ અમલમાં મુકવામાં આવશે. |
| ૬ | પગાર બીલ | એકાઉન્ટ શાખા | નગરપાલિકાના કર્મચારીઓના પગારબીલ (પે સ્લીપ સહિત) કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે. |
| ૭ | અધર સર્ટીફીકેટ | વહીવટી શાખા (ના.અ.પત્ર કલાર્ક) | આવક, રહેઠાણ, લગ્ન વિગેરે સર્ટીફીકેટ (દાખલાઓ) કોમ્પ્યુટરાઈઝડ આપવામાં આવે છે. |
| ૮ | બાંધકામ પરવાનગી | સર્વે શાખા | કસ્ટમાઈઝેશનની કાર્યવાહી પૂર્ણ થયે કોમ્પ્યુટરાઈઝડ પરવાનગીઓ આપવામાં આવશે. |
| ૯ | સોલીડ વેસ્ટ | સેનીટેશન શાખા | ડેટા એન્ટ્રીની કામગીરી ચાલુ છે. |

ઉપરોકત તમામ વિભાગો ને સબંધીત માહિતી વિજાણું રૂપે ઉપલબ્ધ રહેશે. તથા નગરપાલિકા દ્વારા તા. ૯/૯/૨૦૦૪ થી ઇ મેઈલ આઈ.ડી. ખોલેલ છે.

જેનું એડ્રેસ jetpur_navagadh_muni@yahoo.co.in છે. જેના ઉપર જરૂરી સંદેશાઓ અને રજુઆતો મોકલી શકાય છે. તથા જરૂરી પ્રતિભાવો ઈ મેઈલના માધ્યમથી મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તથા રાજય સરકારશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ વેબ પેઈઝ ઉપર નગરપાલિકાની માહિતીની ડેટા એન્ટ્રી તૈયાર થયે તેના ઉપર નગરપાલિકા સબંધી માહિતી મેળવી શકાશે તથા નગરપાલિકાને રાજય સરકારશ્રી તરફથી " જી સ્વાન " કનેકટીવીટી મળ્યેથી આ નેટવર્ક ઉપર જરૂરી માહિતી ની આપ લે નગરપાલિકા તથા સબંધીત વડી કચેરી સાથે થઈ શકશે.